सत्यमेव जयते

**વડોદરાના ૨૦ માં એડીશ્નલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મુકામ–વડોદરા.**

**ફોજદારી કેસ નં. ૧૫૨૧૬/૨૦૨૦**
**પાણીગેટ પો.સ્ટે. પાર્ટ ''એ''**
**ગુ.ર.નં.૧૧૧૯૬૦૧૭૨૦૦૪૭૧/૨૦૨૦**
**આંક–: ૧ હેઠળ હુકમ**

**ફરીયાદી :–** શ્રી સરકાર

**વિરૂધ્ધ.**

**આરોપી :–** કૈશીક રામલાલ કહાર

---

**ગુન્હો :– ભારતીય દંડ સંહિતાની કલમ–૨૬૯ મુજબ....**

---

**– :: ચુ કા દો :: –**

(૧) ફરીયાદીના કેસની હકીકત એવી છે કે, હાલ સમગ્ર દેશમા કોરોના મહામારીના કારણે લોકડાઉન થયેલ હોય અને લોકોને બીન જરૂરી જાહેરમા નીકળવાની મનાઈ ફરમાવવામાં આવેલ હોય તેમ છતા આરોપી જાહેરનામાનો ભંગ કરી ભારતીય દંડ સંહિતાની કલમ–૨૬૯ મુજબ ગુન્હો કરેલ છે, જેથી આરોપીને સમન્સ કરવામાં આવેલ છે.

(૨) આજરોજ નેશનલ લોક અદાલતના સ્પેશ્યલ સીટીગનું આયોજન કરવામાં આવેલ છે જેમા આરોપી પોતાના ગુન્હો કબુલ કરી જણાવેલ છે કે, તેઓનો ગુન્હો કરવાનો કોઈ ઈરાદો ન હતો અને ધંધાની જરૂરીયાત માટે બહાર નીકળેલ હતા અને પોતે ગુન્હો કરેલાનો પસ્તાવો છે. આરોપીનો કોઈ ગુન્હાહીત ઈતીહાસ નથી જેથી આરોપીને સુધરવાની તક આપવાના હેતુથી આરોપીને સજા નહી કરતા ફકત દંડ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાઈ રહેશે જેથી તમામ સંજોગો ધ્યાને લેતા ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

આ કામના આરોપીને ફોજદારી કાર્યરિતી સંહિતાની કલમ–૨૫૨ અન્વયે ઈ.પી.કો. કલમ–૨૬૯ ના ગુન્હામાં આરોપીની કબુલાત આધારે તકસીરવાન ઠરાવી, આરોપીને ઈ.પી.કો.કલમ–૨૬૯ ના ગુન્હા સંબંધે **રૂ. ૧૦૦/– ( અંકે રૂપીયા એકસો પુરા )** નો દંડ ફરમાવવામાં આવે છે તથા જો દંડ ન ભરે તો દિન–૧૦ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ તા. ૧૦મી જુલાઈ, ૨૦૨૧ ના રોજ સ્પેશ્યલ સીટીંગમા ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, જાહેર કર્યો.

જીલ્લો :– વડોદરા.

તા. ૧૦/૦૭/૨૦૨૧

**(ભરતભાઈ હરદાસભાઈ ઓડેદરા )**
કોડ નં. જી. જે. ૦૦૮૦૪
૨૦મા અધિક ચીફ જયુ.ડી. મેજીસ્ટ્રેટ
વડોદરા

બી.પી. ઝાલા